ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૧-૨૦૧૨, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી.....

### પ્રયાગરાજનું કુંભપર્વ : ભારતીય સંસ્કૃતિનું વિરાટ દર્શન

મકરસંક્રાંતિના પવિત્ર દિવસે અલ્હાબાદના ત્રિવેણી સંગમ પર ભારતીય આસ્થાના મહાકુંભનો શુભારંભ થયો. દર બાર વર્ષે પુનરાવર્તન પામતા આ પ્રયાગરાજના કુંભની નરવી-ગરવી દંતકથાઓથી આગામી પંચાવન દિવસો લગી અખબારો અને વીજાણું માધ્યમો ઊભરાતાં રહેશે. કુંભપર્વ અન્ય ત્રણ તીર્થસ્તાનોમાં પણ ચાર ચાર વર્ષનાં અંતરે યોજાતું રહે છે. હરદ્વાર, ઉજ્જૈન અને નાશિકમાં યોજાતા કુંભ કરતાં પ્રયાગરાજના કુંભનો વિશેષ મહિમા એ કારણસર છે કે આ બ્રહ્મક્ષેત્ર છે અને દેશની ત્રણ પવિત્ર નદીઓ - ગંગા, યમુના અને સરસ્વતીનું આ સંગમસ્થાન છે. બાદશાહ અકબરે કુંભ સ્નાન માટે આવતા સાધુસંતોના અખાડાઓનું ગૌરવ જળવાય એવું આયોજન શરૂ કર્યું હશે, તે પણ આપણી ભવ્ય પરંપરાનો જ વિજય ગણાય. આ એક એવું લોકપર્વ છે જેમાં કોઈ મોક્ષનગરીનું મહિમાવંતુ ગૌરવ સાંપડેલું છે. જીવનભર કર્મ-જાળમાં ગૂંથાયેલા જીવને શિવ સાથે આનંદ સંવાદ સાધવાની તાલા વેલી જાગે છે અને એ બધી માયા વિસારીને ત્રિવેણી તટે યોજાતા મહાકુંભનું અમૃતપાન કરવા દોટ મૂકે છે. અહીં સાધુ સંન્યાસીઓનાં વિધવિધ સ્વરૂપો જોવા મળે છે. હિમાલય અને ગિરનાર જેવા પર્વતોની ગુફાઓમાંથી નીકળીને અને પોતપોતાના વિશાળ મઠોની માયા છોડીને એ સંન્યાસીઓ મકરસંક્રાતિથી શિવરાત્રી સુધી ગંગા-યમુના-સરસ્વતીના પવિત્ર તટ પર તંબૂ તાણીને વસે છે. ગંગા એ ભારતીય સંસ્કૃતિનું પર્યાયવાચી નામ છે. અલ્હાબાદમાં જ જન્મેલા અને ઊછરેલા દેશનાં પ્રથમ સુકાની પંડિત જવાહરલાલ નહેરૂ સંપૂર્ણ વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા આધુનિક માનવી હતા. છતાં મૃત્યુનો પગરવ સંભળાયો ત્યારે એમણે જે વીલ લખી નાખ્યું એમાં પોતાના મૃતદેહનાં અસ્થિ ગંગામાં વહેવડાવવાની અને રાખ હિમાલયની ગિરિમાળામાં વિખેરી નાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, તે શું સૂચક નથી? મહાકવિ અલ્લામા ઈકબાલને પણ કબૂલવું પડ્યું છે કે આખી દુનિયા કરતાં હિન્દુસ્તાન વધારે સારો મુલક છે. વળી આપણી સંસ્કૃતિમાં એવું કંઈક રહસ્યમય તત્ત્વ છુપાયું છે જે ગમે તેવી પ્રતિકૂળતા અને પડકારો વચ્ચે પણ એને અજેય અને અણનમ રાખતું રહ્યું છે : 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી!' આ ધરતી વિશ્વની સૌથી પવિત્ર ધરતી છે. એથીસ્તો દુનિયામાં કયાંક જોવા ન મળે એવડો સૌથી મોટો માનવ મહેરામણ વગર નોતરે અહીં ઊમટી પડે છે. સંગમમાં એક ડૂબકી લગાવી દઈ આ દેશનો માનવી જન્મજમાંન્તરનાં પાપો ધોવાઈ ગયાનો અહેસાસ અનુભવે છે. મકરસંક્રાતિના પવિત્ર દિવસે વહેલી સવારથી શરૂ થયેલા શાહી સ્નાનમાં નંગધડંગ નાગા બાવાઓથી માંડી વિવિધ અખાડાઓનાં મહામંડલેશ્વરોએ વિધિવિધાનપૂર્વક ભાગ લીધો. એકલા હિંદુસ્તાનમાંથી જ નહીં, દુનિયાના ખૂણે ખૂણે પથરાયેલા હિંદુઓ અને હિંદુ જીવનશૈલીમાં આસ્થા ધરાવતાં અસંખ્ય વિદેશી પાત્રાળુઓએ કુંભસ્નાન કરી ધન્યતા અનુભવી. ઉત્તરપ્રદેશ સરકારે દસ કરોડ શ્રધ્ધાળુઓની સુરક્ષા અને સુવિધાની જવાબદારી માથે લીધી છે ત્યારે દેશના દરેક નાગરિકની પવિત્ર ફરજ બની રહે છે કે એ આસ્થાના પ્રતિક સમી સુરસરિતા ગંગા અને યમુના જેવી નદીઓની લાજમર્યાદા જાળવવાની પર્યાવરણીય પ્રતિજ્ઞા લે અને પાળી બતાવે.

## ફી કે ડોનેશન ઉઘરાવતી સ્વનિર્ભર શાળાઓની માન્યતા રદ્દ કરાશે

ગાંધીનગર, તા. ૧૬

રાજય સરકાર શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે કટીબદ્ધ છે. સરકારની ઉદાર નીતિનો મનસ્વી રીતે ગેરલાભ ઉઠાવી કેટલીક સ્વનિર્ભર શાળાઓમાં ટયુશન ફી, સત્ર ફી, પ્રવેશ ફી કે ડોનેશન વગેરે નામે ખૂબ ચી ફી લેવાતી હોવાની ગંભીર ફરીયાદો રાજ્ય સરકારને મળી છે. રાજ્યના સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક) શ્રી ઇ. પી. દેસાઈએ આ અંગે જણાવ્યું હતું કે, શિક્ષણના નામે વાલીઓ પાસેથી વારંવાર મનસ્વી રીતે ચી ફી કે કોઈપણ જાતની નિયમસરની પહોંચ આપ્યા વગર વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી ડોનેશન ઉઘરાવતી સ્વનિર્ભર શાળાઓની માન્યતા રદ કરવામાં આવશે.

શ્રી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, રાજયમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે અનુદાન વગરની સ્વનિર્ભર શાળાઓને સ્વાયતત્તા આપવી જરૂરી છે. પરંતુ આવી સ્વાયત્તતાનો દુરૂપયોગ કરી શિક્ષણના નામે શાળા સંચાલકો વારંવાર વાજબી કારણો વગર ફી વધારો કરે કે શાળાના વિકાસના નામે વાલીઓ પાસેથી દાનની માંગણી કરે તે શિક્ષણ માટે અવરોધક બાબત છે, જેને સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધી છે. ઉપરોકત આચારસંહિતાના ભંગ માટે વિદ્યાર્થીના વાલી પાસેથી ફરીયાદ મળેથી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા માધ્યમિક શિક્ષણ અધિનિયમ મુજબ જે તે શાળાની માન્યતા રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે, સંયુકત શિક્ષણ નિયામક (માધ્યમિક), ગાંધીનગર જણાવાયું છે.

### સામાન્ય પ્રવાહનું પ્રીલીસ્ટનું શુક્રવારે વિતરણ થશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવેલ છે. રાજયની ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માર્ચ ૨૦૧૩ સામાન્ય પ્રવાહની પ્રીલીસ્ટ તા. ૧૮ જાન્યુઆરીના રોજ વિતરણ કરવામાં આવનાર છે. આચાર્યશ્રીઓએ પોતાના અધિકાર પત્ર સાથે વિતરણ સ્થળે સવારે અગિયારથી ચાર સુધીમાં સામાન્ય પ્રવાહનું પ્રીલીસ્ટ મેળવી લેવા જણાવેલ છે.

### ચૌધરી કોલેજમાં કાનૂની જાગરૂકતા શિબિર યોજાઈ


ગાંધીનગર, તા.૧૬

બી.સી.એ. ચૌધરી કોલેજ ગાંધીનગર ખાતે 'કાનૂની જાગરૂકતા' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. દિલીપ મેવાડાએ વિદ્યાર્થીઓને સ્ત્રીઓના કાનૂની અધિકારો વિશે સમજ આપી હતી. ડાયરેકટર પ્રશાંત વાઘેલા, મેનેજિંગ ટ્રસ્ટી એસ.આર. ચૌધરી પ્રાસંગિક પ્રવચન કરેલ હતું.



સ્વામીજી, ઊતરાયણ નિમિત્તે મે સહસ્ત્ર ગણુ પૂન્ય કમાવા ગાયોને એટલુ ખવડાવ્યું કે ગાય મરી ગઈ... હવે મારું શું થશે...?

## ચૌધરી સ્કુલની કન્યાઓ માર્શલ આર્ટસમાં નેશનલ કક્ષાએ





ગાંધીનગર, તા.૧૬

સ્ત્રીઓ સામે સ્વ-રક્ષણનો પડકાર ઊભો થયો છે. તેવા સમયે જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની બાળાઓ સ્વ- રક્ષણ માટે માર્શલ આર્ટસની તાલીમ લે છે. તાજેતરમાં દિલ્હી મુકામે વિવિધ માર્શલ આર્ટસની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં જીત કુનેડો સ્પર્ધામાં પરમાર નિકીતા અને ચૌધરી યામિની બંને બહેનોએ તૃતીય ક્રમે વિજેતા બની હતી. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

## રાંધેજાની જે. એસ. પટેલ વિદ્યામંદિરના બાળકો બાળ પ્રતિભા શોધમાં ઝળકયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી જે.એસ. પટેલ વિદ્યામંદિરના બાળકોએ તાજેતરમાં ખંભાત મુકામે યોજાયેલી બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

આણંદ જિલ્લાના ખંભાત મુકામે ગુજરાત રાજય અમદાવાદ પ્રદેશની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ હતી. બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં જે.એસ. પટેલ, વિદ્યામંદિરના અને ઈંગ્લિશ સ્કૂલ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ ચિત્રકલા, નિબંધ, એકપાત્રીય અભિનય, ભજન, વકતૃત્વ, લગ્નગીત, સર્જનાત્મક સ્પર્ધામાં ભાગ લઈ નંબર મેળવ્યો હતો. શાળાના અજય સાધુએ લોકગીત, લોકવાદ્યમાં બીજો નંબર, ઓમ સાધુએ ચિત્રકલામાં પ્રથમ નંબર, શિવાની રાઠોડે નિબંધ સ્પર્ધામાં બીજો નંબર, મેઘના રાવળે એકપાત્રીય અભિનયમાં બીજો નંબર, રાજુ બઢીયાએ ભજન સ્પર્ધામાં ત્રીજો નંબર અને માનસી પટેલે વકતૃત્વ સ્પર્ધામાં, સુરેખા પટેલે લગ્નગીત અને નિધિ પંડયાએ સર્જનાત્મક સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવ્યો હતો.

શાળાના બાળકોને તૈયાર કરનાર સુરેખાબેન જયોત્સ્નાબેન ચૌધરી તથા છાયાબેન પટેલે સુંદર કામગીરી નિભાવી હતી તથા આચાર્ય શૈલેષભાઈ પટેલ અને શાળા પરિવારે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### બહીયલ ગામમાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો

ગજાનન સેવા સમિતિ અને લાયન્સ કલબના સંયુકત ઉપક્રમે તાજેતરમાં દહેગામ તાલુકાના બહીયલ ગામમાં શાળા આરોગ્ય કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળા આરોગ્ય કાર્યક્રમમાં ગજાનન સેવા સમિતિના કાર્યકર્તા દ્વારા દહેગામ તાલુકાના બહીયલ પી.એચ.સી.ના આદર્શ હાઈસ્કૂલ ધમીજ અને કનીપુર પ્રાથમિક શાળાના કુલ ૫૨૬ બાળકોને દવા આપી હતી. ગાંધીનગરના લાયન્સ કલબના પ્રમુખ અનિલભાઈની દોરવણીથી યોજેલ આ કાર્યમાં ડૉ. અતુલ પંડયા સમિતિના ડૉ. કૃષ્ણાનંદ ચિતાણીયા, ડૉ. બોધાની તથા ગોપાલભાઈ, મિલિંદભાઈ, દિનેશભાઈએ સારો સહકાર આપ્યો હતો અને આંગણવાડીમાં ૨૪, કનીપુર પેસેન્ટરમાં ૩૮૦, આદર્શહાઈસ્કૂલમાં ૮૦ અને ધમીજના છાપરામાં ૪૨ બાળકોને આવરી લઈ આરોગ્ય તપાસણી કરવામાં આવી હતી.

### સિદ્ધાર્થી લો કોલેજમાં સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૧૬

સિદ્ધાર્થી લો કોલેજ ગાંધીનગરના આચાર્ય ડૉ. દિલીપભાઈ મેવાડા જણાવે છે કે, તા.૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થઈઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. વકૃતત્વ સ્પર્ધા, સ્વામી વિવેકાનંદના જીવન ચરિત્ર અંગેની ચર્ચા, સ્વામી વિવેકાનંદના જીવનના સિધ્ધાંતો જીવનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો હતો.



### સરસ્વતી વિદ્યાલયમાં પતંગોત્સવ યોજાયો

સરસ્વતી વિદ્યાલયમાં 'પતંગોત્સવ' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પતંગ રસિયાઓ પતંગ, ફિરકીઓ લઈને મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. પવન સાનુકૂળ હોવાથી પતંગ રસિયાઓને ઉત્સાહમાં વધારો થયો હતો. શાળા મેદાન લપેટ, કાપ્યોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

## લાલાકાકાને શિયાળો ગમે છે કેમ કે, ઠંડો પવન વાયા કાન મગજમાં ઘૂસી ન જાય તે બહાના હેઠળ કાનમાં રૂનાં પૂમડાં ભરાવી રાખવાથી કાકીની કચકચ સાંભળવામાંથી મુક્તિ મળે છે

### 'અલ્યા માસ્તર, વાઇબ્રન્ટ ગુજરાત પૂરૂં થયું એમાં તું શીદને દુઃખી દુઃખી થઇ ગયો છે? તારે કોઇ એમઓયુ કરવાના રહી ગયા છે, હેં?'

**ગુરૂવારની ગપસપ**

\- પ્રકાશ લાલા

માથે બુઢિયા ટોપી ને શરીરે શાલ લપેટી, ઠંડીમાં ગોટમોટ થઇ 'ચોકઠા પરિષદ'માં આવીને બેઠક જમાવતાંની સાથે જ લાલાકાકાએ પ્રશ્ન ફેંક્યો : 'તમને શું લાગે છે, પનુભાઇ?'

'મને તો ઠંડી લાગે છે, અંકલ... શિયાળામાં બીજું શું લાગે?' અમે જવાબ આપ્યો.

'એમ નહીં હવે... તમે શું માનો છો?' લાલાકાકાએ અમારા પ્રથમ પ્રત્યુત્તરથી અકળાઇને એમનું વોલ્યુમ હાઇ કરતાં પ્રશ્ન બદલ્યો.

'અંકલ, આ ઠંડીમાં વચ્ચે તાપણું કર્યું હોય તો મજા આવે એમ અમારૂં માનવું છે...'

'ઓહ... એમ નહીં, યાર...' લાલાકાકા લાલપીળા થતા બરાડ્યા.

અમને ખબર હતી કે કાકા આવા પ્રશ્નો તો પોતાની કોઇક વાત શરૂ કરવા પૂર્વે રાબેતા મુજબ જ પૂછ્યા હતા ...અને તેઓશ્રી કંઇક કહેવા માટે આતુર હતા... પણ આમેય વાતાવરણમાં થોડી ગરમી લાવવા લાલાકાકાને, ચૂપ રહેવાને બદલે ભળતા જ ઉત્તર દઇ છંછેડ્યા હતા!!

એથી અકળાયેલા રેડ અંકલે અવાજનું વોલ્યુમ ઓર વધારીને કહ્યું : 'એમ નહીં, પનુભાઇ... હું એમ પૂછતો હતો કે શિયાળા વિષે, ઠંડી વિશે તમને શું લાગે છે?'

'હેં? શિયાળો શિયાળો છે ને શિયાળો છે એટલે ઠંડી પડે છે... એમાં બીજું શું લાગવાનું હતું?' લાલાકાકા શું કહેવા માંગે છે તે સમજીને અમે જવાબ આપીએ તે પહેલાં તો મોંમાંથી તમાકું મિશ્રિત પાનની લાલમલાલ પીચકારી મારી ધરતીમાતાને (અ)પવિત્ર કરતાં પંચાલભાઇએ જવાબ દઇ દીધો...

ને એ સાંભળી વગર તાપણે તપી ઊઠેલાં લાલાકાકા વિફર્યા : 'એ તમાકુંખાઉ... તું ચૂપ રહે... તમાકું ચાવી ચાવીને તારૂં ભેજું ભંગાર થઇ ગયું છે!!'

'શાંતિ ઠેવ... અંકલ, ગુસ્સો કરો નકુ... ગુસ્સા તબિયત માટે સારા નથી...' એમ કહીને ચોકઠા પરિષદના મરાઠી સદસ્ય કુલકર્ણી ભાઉએ લાલાકાકાને ઠંડા પાડવા પ્રયાસ કર્યો.

'શું કપાળ શાંતિ રાખે, કુલકર્ણી ભાઉ... આ સમજ્યા વિના જ પીચકારીઓ મારે રાખે છે તે! હું એમ પૂછું છું કે શિયાળો તમને ગમે છે? કેમ ગમે છે?'

'ઓ હો હો... એમ વાત છે, કાકા? પંચાલભાઇએ પાછી પીચકારી મારતાં કહ્યું... આ વખતે શબ્દો અને તમાકુંના રસ બંને સાથે એમનાં મોંમાંથી બહાર આવવા સ્પર્ધા કરી એમાં છાંટા અંકલને ઉડ્યા એટલે એ ફરી બબડ્યા : 'તું... તું પીંચકારી મારું... તમાકુંખાઉં... મારાથી આઘો રહે...'ને એ ખસીને અમારી તરફ આવ્યા...

અમે કાકાના મિજાજને ઠેકાણે લાવવા કહ્યું : 'લાલાકાકા તમારો પ્રશ્ન સરસ છે... મારી વાત કરૂં તો અમને શિયાળો એટલે પસંદ છે કે આડેદહાડે ખાંડ-ઘી, ડ્રાયફ્રૂટ્સ ખાવા પર પ્રતિબંધ ફરમાવતાં અમારા શ્રીમતીજી 'શિયાળામાં વસાણાં ખાઇને માણસે બાર મહિનાની શક્તિનો સંચય કરી લેવો જોઇએ... શિયાળામાં આ ખાઇને તબિયત બનાવી લેવી જોઇએ' એવી વડીલોની વાતોનું પાલન કરી અડદપાક - સાલમપાક - મેથીપાક, ઘી ને ખજૂર, બદામને અખરોટ એવું બધું સામેથી આગ્રહપૂર્વક ખવડાવે છે...'

'હં... અલ્યા ઓડિટર, તને શિયાળો કેમ ગમે છે?' રેડ અંકલે સરકારી કચેરીમાં ઓડિટર તરીકે ફરજ બજાવતાં દરજીભાઇ તરફ તીર તાક્યું.

'અંકલ, આઇ લાઇક વીન્ટર બીકોઝ - શિયાળામાં ઠંડીના લીધે સ્ફૂર્તિ રહે છે - કામનો થાક લાગતો નથી... વધુ ઠંડી પડે તો કપડાં ઉપર વધુ બે કપડાં પહેરી લેવાય... જયારે ઉનાળામાં...'

'હા... ઉનાળામાં વધુ ગરમી લાગે તો કંઇ પહેરેલાં કપડાં કાઢી નાખીને થોડા ફરાય... ખરૂંને દરજીભાઇ?' પંચાલે પાછી પીચકારી મારી...

'તું હાળા, એવું કરે એવો છે... તું ચૂપ મરને...' કાકા પાછા પંચાલભાઇને તાડૂક્યા.

એટલે વાતાવરણમાં વધુ ગરમી ન આવી જાય તે હેતુથી કુલકર્ણીભાઇએ કાકાના પ્રશ્ન પૂર્વે જ પ્રત્યુત્તર શરૂ કર્યો : 'અંકલ, મલા ઠંડીના ઋતુ ગમવાના કારણ એવા છે કે ઉપર સ્વેટર, જાકિટ પહેરવાથી અંદર જરા મેલું કે ઇસ્ત્રી વગરનું શર્ટ પહેરી શકાય છે!!'

એમની વાત સાંભળી બધા કુલકર્ણીની નિખાલસતા પર હસી પડ્યા...

દરજીભાઇએ ઓડિટ કર્યું : 'અંકલ, બધાંને પૂછો છો તે તમે તો બોલો... તમને શિયાળો કેમ પસંદ છે?'

'કહું? આ માટે...' કહેતાં લાલાકાકાએ તેમના બંને કાનમાંથી રૂનાં પૂમડાં કાઢીને સૌને બતાવતાં કહ્યું...

'એટલે? અંકલ, કાનમાં પૂમડાં નાખી શકાય તે માટે તમને શિયાળાની ઋતુ ગમતા છે?' કુલકર્ણીએ કહ્યું...

'એ ભાઉ... તું સમજ જરા. શિળાયામાં ઠંડો પવન વાયા કાન મગજમાં ઘૂસીને શરદી ન કરી દે તે બહાના હેઠળ રૂનાં પૂમડાં કાનમાં ભરાવી રાખવાથી તમારી કાકીની કચકચ સાંભળવામાંથી શિયાળામાં મુક્તિ મળે છે એટલે મને...'

'શિયાળો ગમે છે...' અમે બધાંએ સમૂહમાં અંકલનું વાક્ય પૂરૂં કર્યું... એટલે લાલાકાકા જોરદાર ખખડ્યા ને મૂડમાં આવી જઇ એવો જ જોરદાર ધબ્બો અમારી પીઠ પર ઝીંકી દીધો... અમારાથી 'ઓ મારે...' ચીસ પડી ગઇ...

'શું તમેય પનુભાઇ, બહુ ઢીલા. આટલા અમથા ધબ્બાથી ઓહ... વોહ... કરવા લાગ્યા?' તમે છે ને શિયાળામાં રોજ સવારે વહેલા ઉઠી મારી સાથે દોડવા ને કસરત કરવા આવવાનું રાખો... તબિયત ઘોડા જેવી થઇ જશે... શું?'

'તબિયત ઘોડા જેવી બનાવવા રોજ વહેલી સવારે અમારે ગધેડા જોડે જવાનું?' અમારાથી બબડી જવાયું... અમારા સદ્‌નસીબે અંકલનું ધ્યાન એ વખતે 'અરેરે... વાઇબ્રન્ટ ગુજરાત પૂરૂં થઇ ગયું... હવે શું થશે?' કરતાં કરતાં 'ચોકઠા પરિષદ'નું કોરસ પૂરૂં કરવા આવી પહોંચેલા શિક્ષક દવે સાહેબ તરફ હતું...

'અલ્યા, માસ્તર! વાઇબ્રન્ટ પૂરૂં થયું એમાં તું શીદને દુઃખી દુઃખી થઇ ગયો છે, હેં?'

તારે કયા એમઓયુ કરવાના રહી ગયા છે, હેં?' લાલાકાકાએ બિચારા શિક્ષક જીવને માસ્તર-વિદ્યાર્થીને ધમકાવે એમ ધમકાવી નાખતાં પૂછ્યું.

'એવું નથી, લાલાકાકા...'

'તો અરર... અરર... શું કર્યા કરે છે?'

'કાકા, વાઇબ્રન્ટ ગુજરાત' ઉજવાયું તે ગાંધીનગરમાં રસ્તા સાફ થઇ ગયા, ફૂટપાથો ચોખ્ખી ચણાક કરી દેવાઇ, દબાણો હટાવાયાં, રોડ સાઇડ પ્લાન્ટેશન - બ્યુટીફિકેશન કરાયું ને સર્કલ ઉપર - ક્રોસ રોડ પર પોલીસો ઊભા રહી ટ્રાફિક કંટ્રોલ કરતા થયા હતા...' દવે સાહેબે વાત સમજાવવા પ્રયત્ન કર્યો : 'હવે વાઇબ્રન્ટ પૂરૂં થતાં જ બધું ગાયબ થઇ જશે... ફરી કચરો-ગંદકી, ફૂટપાથ પર ધૂળ, ઝૂંપડપટ્ટી ને દબાણો હાજર થઇ જશે... ટ્રાફિક કંટ્રોલ અદૃશ્ય થશે...એટલે પછી ગાંધીનગરનું શું થશે? મારાથી અરર... અરર... થઇ જાય છે, કાકા!'

'હા... હોં... દવે સાહેબનો મુદ્દો મજબૂત છે. અહીં 'વાઇબ્રન્ટ ગુજરાત' ટવેન્ટી ફોર બાય સેવન ચાલુ જ રહેવું જોઇએ. જેથી પાટનગરની આન-બાન-શાન બની રહે... શું કહેવું છે?'

'શું ધૂળ કહેવું છે? અલ્યા, સી.એમ.સાહેબને બીજે ઠેકાણે બીજા ફંકશનો કરવાનાં હોય? એકલા ગાંધીનગરનું જ જોવાનું એમણે?'

'કાકાની વાત સાચી છે પણ જે વાત આ ઇવેન્ટ પૂરતી થઇ - ટેમ્પરરી પગલાં લેવાયાં તે કાયમ માટે ન કરી શકાય?'

દરજીભાઇ ઉવાચ અને એમણે ઓડિટ પારા કાઢ્યો : 'ને શહેરને ચોખ્ખું રાખવાની જવાબદારી માત્ર સરકારની જ છે? નગરજનોએ કચરો ગમે ત્યાં ન ફેંકવો, પ્લાસ્ટિક બેગ્સ, ફૂડ આઇટેમ્સનાં ખોખાં-પડીકાં ગમે ત્યાં રખડતાં ન નાખવાં, વાહનો ફૂટપાથ પર ન ચલાવવાં, ગંદુ પાણી જયાં ત્યાં ન વહી જવા દેવું વગેરે, બાબતોનું ધ્યાન રાખી, તંત્રને સહકાર આપવાની આપણી પણ ફરજ છે, હોં...'

'દરજીની વાત સાવ સાચી છે...' કહેતાં રેડ અંકલે ઉમેર્યું : 'પણ ચિંતા ના કરો... દર વર્ષે એકવાર ગાંધીનગરની કાળજી લેવાશે જ...કેમ કે એક વર્ષ એગ્રો-એકસ્પો ને બીજા વર્ષે 'વાઇબ્રન્ટ ગુજરાત' અહીં ઉજવાશે એવી જાહેરાત થઇ જ છે...'

અંકલની વાત સાંભળી પુનઃ પાનની પીચકારી ધરતીમાતાને સમર્પિત કરતાં પંચાલે કહ્યું : 'આ વાત ઉપર લાલાકાકા તમારા તરફથી થઇ જાય એક એક પાન...'

ને એ સાંભળી અકળાયેલા અંકલ એને ધબ્બો સમર્પિત કરે તે પહેલાં પંચાલે ઊભા થઇ જતાં કહ્યું : આજની 'ચોકઠા પરિષદ' આજે બરખાસ્ત!!...'